ડિસેમ્બર ૨૦૧૨

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

અક્રમ એક્સપ્રેસ

અક્રમ એક્સપ્રેસ

આડાઈ સરળતા

સંપાદકીય

બાળમિત્રો,

ઘણી વાર એવું બનતું હોય છે કે કોઈ આપણને સારી સલાહ આપતું હોય તો આપણે એ માનીએ નહીં અને આપણને જે કરવું હોય એ જ કરીએ, વાતે વાતે જીદ કરીએ, અબોલા લઈએ એ બધું આડાઈમાં જાય છે. આડાઈ કરતા થઈએ એટલે લોકોને આપણી સાથે ગમે નહીં, કંટાળો આવે. જે સરળ હોય એની સાથે સૌને ગમે.

આ અંકમાં પરમ પૂજ્ય દાદાશ્રીએ આડાઈ એટલે શું, એના પરિણામ, એમાંથી કેવી રીતે નીકળાય, સરળતા કોને કહેવાય વગેરેની સુંદર સમજણ આપી છે.

તો ચાલો, આપણે આડાઈ અને સરળતાના સ્વરૂપને ઓળખીએ અને સરળતા તરફ જવાના પ્રયત્ન કરીએ.

– ડિમ્પલ મહેતા

અનુક્રમણિકા

દાદાજી કહે છે... ૧
આડાઈમાં રહી ગયો... ૨
આ તો નવી જ વાત... ૬
સરળતાની કમાણી... ૮
મીઠી યાદેં... ૧૧
ચાલો રમીએ... ૧૨
ઐતિહાસિક ગૌરવગાથાઓ ૧૭
કોલાજ વર્ક સ્પર્ધાનું પરિણામ ૧૯

તંત્રી તથા સંપાદક:
ડિમ્પલ મહેતા
વર્ષ : ૫, અંક : ૪
સળંગ અંક : ૫૨

સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
અમદાવાદ: (૦૭૯)૨૭૫૪૦૪૦૮

રાજકોટ ત્રિમંદિર : ૯૨૭૪૧૧૧૩૯૩
વડોદરા : (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
મુંબઈ : ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
U.S.A.: ૭૮૫-૨૭૧-૦૮૬૯
U.K.: ૦૭૯૫૬૪૭૬૨૫૩
Website: kids.dadabhagwan.org

Printed, Published and Owned by :
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
Published at Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Printing Press:-
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

સરળતા ફળે છે...

પ્રશ્નકર્તા : આડાઈ એટલે શું ?

દાદાશ્રી : આડાઈ એટલે રાત્રે કોઈની જોડે આપણને ભાંજગડ પડી હોય અને સવારમાં વાત કરવા આવે તો આપણે વાત ના કરીએ. કહે, 'તારી જોડે નહીં બોલું' એ પાછો આડો થાય. અલ્યા, રાતની વાત રાતે ગઈ. ગઈ કાલે શનિવાર હતો, આજ તો રવિવાર છે. પણ શનિવારની વાત રવિવારે ખેંચી લાવે તે આડાઈ.

પછી ભૂલની ખબર ના હોય ને એને ઢાંકીએ, એ વાત જુદી છે. પણ ભૂલની ખબર હોય ને ઢાંકીએ કે રક્ષણ કરીએ એ મોટામાં મોટી આડાઈ. દા.ત. તમારો તમારા મિત્ર સાથે ઝઘડો થયો અને એમાં તમે એને મારી દીધું. તમને મનમાં થાય તો ખરું કે આ ખોટું થઈ ગયું. પણ કોઈ કહે કે કેમ માર્યું, તો તમે કહો કે એને મારવા જેવો જ હતો, એ આડાઈ.

પ્રશ્નકર્તા : એટલી સરળતા ઉત્પન્ન થવી જોઈએ ને ?

દાદાશ્રી : હા. તમે બહારગામ જતા હો, તમે મોટરમાં બેઠા. ત્યાં તમને કહે કે ખોળામાં બેસી જાવ, જગ્યા નથી. પછી થોડી વારમાં કહે કે ફાવતું નથી, તું ઊતરી જા, તને કાલે લઈ જઈશું. થોડે દૂર ગયા પછી પાછા તમને બોલાવે. હજી તો તમે બેસવા જાવ ત્યાં બીજો કોઈ આવે એટલે પાછું તમને કહે, કાલે લઈ જઈશું. એવું સાત વખત ચઢ-ઉતર કરાવે તોય જરાય અકળામણ ના થાય, ત્યારે જાણવું કે આ સરળ થયો છે.

હવે આવા વખતે મોઢું બગડ્યું હોય તો ચલાવી લેવાય પણ અંદર ના બગડવું જોઈએ. હઠે ચઢે એવું ના હોવું જોઈએ. નહીં તો કહેશે, હવે નથી જ જવું, એવું ના થવું જોઈએ. મોઢું ભલે ચઢેલું હોય, કઢી ઊતરી જાય એવું થયેલું હોય, પણ હઠે ના ચઢે પછી. આડાઈ ઊભી ના થવી જોઈએ. આડાઈ આપણને કોઈની સાચી વાત માનવા ના દે.

જે વાતે વાતે આડો થાય એને કોઈ ના બોલાવે. આડાઈ ઓછી હોય એને બધા જ બોલાવે. આડાઈ કબૂલ કરવાથી તે જાય. સાથે પ્રતિક્રમણ કરીએ એટલે એ જાય. જે સરળ થયો એ મોક્ષને લાયક થયો.

અકડાઈમાં રહી ગયો

આજે માલવ, દર્શ અને કાવ્યા, મમ્મી-પપ્પા સાથે ઝૂ ગાર્ડન જઈ રહ્યા હતા.
બાળકો, પાણીની બોટલ, ફ્રૂટ્સ, નાસ્તો બધું પેક કરી લીધું ?
હા, મમ્મી.
ડેડી કારમાં તૈયાર બેઠા હતા. એક પછી એક બધા આવતા ગયા અને કારમાં ગોઠવાતા ગયા. માલવ બેગ ખભે ચઢાવી, ડેડી સાથે આગળની સીટમાં બેસવા માટે દોડ્યો.
આગળની સીટમાં દર્શને જોતાં,
દર્શ, મારે આગળ બેસવું છે. તું પાછળ જા.
ના, મારે આગળ બેસવું છે.
તમારી આ રકઝકમાં આપણને મોડું થઈ જશે. એક કામ કરીએ.આપણે વારા રાખીએ. જતી વખતે એક જણ બેસે અને આવતી વખતે બીજાનો વારો.
ઓ. કે. માલવ, અત્યારે હું બેસું છું. આવતી વખતે તું બેસજે.
ના, બંને વખત હું જ બેસીશ. નહીં તો મારે નથી આવવું.

માલવ, શું કામ જીદ કરીને બધાનો મૂડ બગાડ છે ? આવું કરવામાં તને મજા આવે છે ? માની જાને.
પણ માલવ ટસનો મસ ન થયો.
સારું માલવ, અત્યારે તું બેસ, હું પછી બેસીશ.
ના, બંને વખત હું જ બેસીશ. નહીં તો મારે નથી આવવું.
તો તું અહીં જ રહે. અમે જઈએ છીએ.
કશું બોલ્યા વગર માલવ ઘરે આવી ગયો અને સોફા પર બેસી ગયો. કારનો નીકળવાનો અવાજ સંભળાયો પણ માલવે ધ્યાન ના આપ્યું. એણે ફોન હાથમાં લઈ ત્રણ-ચાર ફ્રેન્ડસને ફોન ઘુમાવ્યા પણ કોઈ મળ્યું નહીં.
થોડી વાર પછી એણે એની ફેવરિટ મ્યુઝિકની સી.ડી. લગાવી. પણ મ્યુઝીકમાં એનું ધ્યાન લાગ્યું નહિ. એને ખૂબ બેચેની થઈ રહી હતી.
પેલા લોકો ઝૂમાં કેવીમજા કરતા હશે ?

ટાઈમ પાસ કરવા માલવે બુક્સ, ગેમ્સ, ટી.વી. બધું જ અજમાવી જોયું પણ કશામાં એનું ચિત્ત ના ચોંટ્યું.
રાતના નવ વાગે માલવને, દર્શ અને કાવ્યાનો હસવાનો અવાજ સંભળાયો. ઝૂની વાતો કરતા કરતા એમણે દરવાજો ખોલ્યો. ફટાફટ માલવે એક કોમિક બુક હાથમાં લીધી અને વાંચવાનો ડોળ કરવા લાગ્યો.
માલવ, ઝૂમાં બહુ મજા આવી. તે ખોટું ગુમાવ્યું. ચાલ, હું તને બધા ફોટા બતાવું.
મને ઝૂના ફોટો જોવામાં કોઈ રસ નથી. મેં પણ અહીં મારા ફ્રેન્ડસ જોડે બહુ મજા કરી.
બીજા દિવસે સવારે નાસ્તો કરતા કરતા પણ દર્શ અને કાવ્યા ઝૂની વાતો કરી રહ્યા હતા.
દર્શ, પેલા ડાન્સિંગ બતક કેવા મસ્ત હતા ! અને પેલો બે પગે ચાલતો હાથી !
પણ સૌથી મજાનો તો વાંદરાનો શો (ખેલ) હતો.
૪
ડિસેમ્બર ૨૦૧૨
અકમ એક્સપ્રેસ

માલવ ધ્યાનથી એ લોકોની વાતો સાંભળી રહ્યો હતો, પણ જાણે એને બિલકુલ રસ ના હોય એવો દેખાડો કરી રહ્યો હતો.
ખબર છે, વાંદરાના રખેવાળે મને એક વાત કહી. જંગલમાંથી વાંદરાઓને પકડવા તેઓ બોક્સમાં વાંદરાનો હાથ પેસી શકે એટલું નાનકડું કાણું કરી ત્યાં એક કેળું લટકાવે. વાંદરો કેળું લેવા માટે એનો હાથ અંદર નાખે. પણ કેળું હાથમાં પકડવાથી હાથ પહોળો થઈ જાય એટલે કાણાંમાંથી હાથ બહાર ના કાઢી શકે અને પકડાઈ જાય. હવે છૂટવા માટે એને એક નાનકડું કેળું જ જતું કરવાનું હોય, પણ એ જીદ્દી વાંદરાઓ આટલું અમથું જતું ના કરે, અને પકડાઈ જાય.
વાંદરાઓ કેટલા ગાંડા કહેવાય!
દર્શની વાત સાંભળીને માલવને પણ હસવું આવી ગયું.
મેં પણ તો એ વાંદરાઓ જેવું જ કર્યું ને! આગળની સીટ પર બેસવા માટે જીદ કરી. વારા રાખવાની પપ્પાની વાત માની નહીં અને ધાર્યું કરવા આડાઈ કરી. અંતે વાંદરાની જેમ આખો દિવસ ઘરમાં પૂરાઈને બેસી રહ્યો અને ઝૂની મજા ખોઈ કાઢી.
માલવને એની ભૂલ સમજાઈ.
અરે માલવ, ક્યાં ખોવાઈ ગયો?
ક્યાંય નહીં, તું મને ઝૂના ફોટા ક્યારે બતાવીશ?

સામાની વાત
સાચી હોય તોય ના
માને અને પોતાના
મતે જ ચાલે એને
આડાઈ કહેવાય.
આ તો ન
મોક્ષે જવું હોય તો સીધા
થવું પડે. આડા ચાલીએ
તો ના જવાય. આ સાપનેય
દરમાં પેસતી વખતે સીધું
થવું પડે, ત્યારે આડોઅવળો
ચાલે તો દરમાં પેસી ના શકે.

આપણે જેટલા
સરળ થઈએ
એટલો
જ્ઞાનીનો
રાજીપો
પ્રાપ્ત થાય,
જ્ઞાની
રાજી થાય.

વીજ વાત

વાળીએ એમ વળી
જાય એને સરળ કહેવાય.
દા.ત. એક વાર કહ્યું
હોય કે કોઈની વસ્તુ
પૂછ્યા વગર ન લેવાય,
તો કાયમ માટે
પૂછીને જ લેતો થઈ
જાય એનું નામ સરળ.

૭ અક્રમ એક્સપ્રેસ ડિસેમ્બર ૨૦૧૨

સરળતાની કમાણી

સાંજથી મુશળધાર વરસાદ પડતો હતો. ઘરના બધા જમી-પરવારીને બેઠા હતા. મમ્મી રસોડામાં થોડું કામ પતાવી રહી હતી અને પપ્પા રોજની જેમ મેગેઝીન લઈને પોતાની ખુરશી પર ગોઠવાઈ ગયા હતા. આર્યા અને મૌર્યા પણ વાર્તા સાંભળવા માટે દાદીમાની પાસે આવીને બેસી ગયા. દાદી એટલે તો અવનવી વાર્તાઓનો વણખૂટ્યો ખજાનો.

દાદીએ વાર્તા શરૂ કરી.

આપણી ગંગા નદી હિમાલય પર્વતમાંથી પ્રકટી ઋષિકેશ, હરદ્વાર, કાશી વગેરે નગરોમાંથી વહે છે. આ સ્થળોએ ઘણા બધા સાધુ-સંતો પણ હોય છે અને તેઓ ગંગાજીના કિનારે સાધના કરતાં હોય છે.

ગંગા નદીના આવા જ એક કિનારા પર એક સાધુની ઝૂંપડી હતી. આ સાધુ રોજ સવારે વહેલા ઊઠી ગંગા નદીમાં સ્નાન કરી પૂજા-અર્ચના કરતાં. સાધુ જ્યારે સ્નાન કરતાં ત્યારે વૃક્ષની મોટી ડાળીઓ કે તેનાં થડ તેમના શરીરે અથડાતાં અથવા તો તેમની આજુબાજુ વહી જતાં. એકવાર એ સાધુએ ગંગા નદીને પૂછયું, "ગંગાજી, મેં જોયું છે કે તમારા પ્રવાહમાં મોટી-મોટી ડાળીઓ અને વૃક્ષના થડ જ વહેતાં હોય છે. નાનાં છોડવા કે ઘાસનાં તણખલાં તો ભાગ્યે જ જોવા મળે છે! આવું કેમ?"

આ સાંભળી ગંગાજી મલક્યાં. તેમણે કહ્યું, "હું જ્યારે હિમાલયમાંથી પ્રકટું છું ત્યારે મારો પ્રવાહ ખૂબ વેગીલો અને ધસમસતો હોય છે. પર્વતની બખોલમાં અને ખડકો પર મોટાં વૃક્ષો છે. મારા આ પ્રવાહને ખાળવાં તેઓ સમર્થ નથી છતાં પણ તેઓ તેમનું સ્થાન છોડવા તૈયાર નથી. તેઓ તેમની પક્કડ છોડતા નથી અને ત્યાં જ ઊભા રહેવાનો આગ્રહ રાખે છે. પરિણામે મારા વેગીલા અને ધસમસતા પ્રવાહમાં તેઓ તૂટી પડે છે અને પ્રવાહમાં ઘસડાઈ જાય છે. પણ ઘાસ અને છોડવા કોઈ પક્કડ પકડતા નથી. તેઓ સરળ હોય છે. હું જેમ વાળું એમ વળી જાય છે. મારા પ્રવાહ સામે નમી જાય છે. આ કારણે તેઓ બચી જાય છે."

ગંગાજીની આ વાણી સાંભળી સાધુને સંતોષ થયો અને તેઓ પોતાની સાધનામાં મગ્ન થઈ ગયા.

વાર્તા પૂરી થઈ એટલે દાદીએ કહ્યું, "નમ્રતા અને સરળતા એ બહુ ઊંચામાં ઊંચા ગુણ છે. દરેકને આ ગુણો પ્રભાવિત કરે છે." વાર્તા સાંભળતા સાંભળતા મૌર્યાને તો ઝોકું આવી ગયું, પણ દાદીમાની આ વાર્તા આર્યાને ખૂબ સ્પર્શી ગઈ.

બીજા દિવસે આર્યા સ્કૂલેથી આવી ત્યારે ખૂબ ખુશ હતી. સ્કૂલનું દફતર રૂમમાં મૂકી, એકદમ દાદીને વળગી પડી. "દાદી, એક બેન્ડમાં ડ્રમ્સ વગાડવા માટે અમારી સ્કુલમાં સિલેકશન થવાનું છે. મને જો એ બેન્ડમાં ડ્રમ્સ વગાડવાનો ચાન્સ મળી જાય, તો મજા પડી જાય!"

"ખૂબ મન લગાવીને પ્રેક્ટિસ કરજે બેટા, ચોક્કસ તને ચાન્સ મળશે," દાદીએ આર્યાને પ્રોત્સાહન આપતાં કહ્યું. બર્થ ડે ગિફ્ટમાં મળેલા ડ્રમ્સની આર્યા ખૂબ સંભાળ રાખતી. એ જ સાંજથી આર્યા પ્રેક્ટિસ કરવા લાગી.

"આર્યા, મને ડિસ્ટર્બ થાય છે. લિવિંગ રૂમમાં જઈને તારી પ્રેક્ટિસ કર, મૌર્યાએ અકળાઈને આર્યાને કહ્યું.

લિવિંગ રૂમમાં પપ્પાને ડિસ્ટર્બ થયું એટલે એમણે આર્યાને બહાર જઈને વગાડવાનું કહ્યું. સહેજ પણ ચિડાયા વગર આર્યા ડ્રમ્સ લઈ બહાર પ્રેક્ટિસ કરવા લાગી. પણ ત્યાં તો સુશીલા આન્ટીએ આર્યાને બૂમ પાડી, "આર્યા, અવાજ બંધ કર. મારી તબિયત સારી નથી. ઊંઘવા દે મને."

આમ, એ દિવસે આર્યાથી બિલકુલ પ્રેક્ટિસ ના થઈ. અને આવું ઘણા દિવસો સુધી ચાલ્યું. કોઈ પણ જગ્યાએ આર્યા પ્રેક્ટિસ કરવા જાય, ત્યાં કોઈ ને કોઈ તો ડિસ્ટર્બ થતું જ. ક્યારેક મૌર્યા ડિસ્ટર્બ થાય તો ક્યારેક પાડોશીઓ. અને એ લોકો એને બીજી જગ્યાએ પ્રેક્ટિસ કરવા માટે કહેતા. આર્યા નમ્રતાથી બધાની વાત સ્વીકારી લેતી. દાદીએ કહેલી સરળતાની વાત આર્યાને


૯
ડિસેમ્બર
૨૦૧૨

એટલી સ્પર્શી ગઈ હતી કે એ ક્યારેય કોઈ એક જગ્યાએ પ્રેક્ટિસ કરવાની પકડ નહોતી પકડતી.

પ્રોફેસર ત્રિપાઠી, જે આર્યાના પાડોશી હતા. તેઓ આર્યાની આવી સરળતાથી ખૂબ પ્રભાવિત થયા. આર્યાની ધગશ જોઈ, તેમણે આર્યાને મદદ કરવાનું નક્કી કર્યું. એ રાત્રે એમણે એક પ્લાન બનાવ્યો.

"આર્યા મારી પાસે એક આઈડિયા છે. જેમાં તું પ્રેક્ટિસ પણ કરી શકીશ, અને કોઈ ડીસ્ટર્બ પણ નહીં થાય," પ્રોફેસરે આર્યાને કહ્યું.

"ખરેખર સર ? કેવી રીતે ?" આર્યાએ ઉત્સુકતાથી પૂછયું.

પ્રોફેસરે આર્યાને સમજાવ્યું, "જો, તને તો ખબર છે ને કે અવાજ હવાના માધ્યમ દ્વારા એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય છે. પણ જો આપણે એક સ્પેસ બબલ બનાવીએ, જેમાંથી એક પંપ વડે હવાને સક કરી વેક્યુમ ક્રિયેટ કરીએ, તો તું એ સ્પેસ બબલમાં બેસીને આરામથી પ્રેક્ટિસ કરી શકે છે અને બહાર કોઈને ડિસ્ટર્બ પણ નહીં થાય."

"સુપર્બ આઈડીયા છે સર !," આર્યાએ ખૂબ ખુશ થઈને કહ્યું. પ્રોફેસરે અને આર્યાએ મળીને એક સ્પેસ બબલ બનાવ્યું, જેમાં કલાકો સુધી બેસી આર્યા પ્રેક્ટિસ કરવા લાગી.

જે દિવસે આર્યાનું બેન્ડમાં સિલેક્શન થયું, તે દિવસે એની ખુશીનો પાર ના રહ્યો. કુદતી કુદતી એ ઘરે આવી રહી હતી. બધાને આ ખુશખબર કહેવા માટે એ ખૂબ આતુર હતી. એણે જોયું તો, ઘરના ઝાંપા આગળ જ દાદી, પ્રોફેસર ત્રિપાઠી સાથે વાતો કરી રહ્યા હતા. દોડતી દોડતી આવી એ પ્રોફેસરના પગમાં પડી ગઈ, "સર, બેન્ડમાં મારું સિલેકશન થઈ ગયું. આપના માર્ગદર્શન વગર મને આ દિવસ ક્યારેય જોવા ના મળત. ખરેખર, આપનો ખૂબ ખૂબ આભાર."

આર્યાના માથે હાથ મૂકી પ્રોફેસરે કહ્યું, "આર્યા, આ સિલેકશનનો શ્રેય મારા માર્ગદર્શનને નહીં, પણ તારી ધગશ અને સરળતાને જાય છે. દીકરી, આ સરળતા હંમેશાં સાચવીને રાખજે. આ સરળતા એ તારી બહુ મોટી કમાણી છે અને જીવનમાં તારી પ્રગતિનું કારણ બનશે."

અને એ દાદીને ભેટી પડી.



મીઠી યાદેં

નીરુમા રોજ સવારે વાત્સલ્યમાં યોગા કરતા. બધા બ્રહ્મચારી ભાઈઓ શરૂઆતથી એમની સાથે યોગામાં હોય અને છેલ્લે જ્યારે પ્રાણાયામ હોય ત્યારે બધી બ્રહ્મચારી બહેનોએ જવાનું રહેતું. એવી રીતનું સેટીંગ હતું.

શિયાળાના દીવસો હતા. રોજ યોગા ચાલું જ હતા. બે બ્રહ્મચારી બહેનોને રોજ ઊઠવાનું મોડું થઈ જાય એટલે તેઓ ઊઠીને ફટાફટ પ્રાણાયામ કરવા ભાગે. ઉતાવળમાં સ્વેટર પહેરવાનું ભૂલી જાય. ત્રણ-ચાર દિવસ સળંગ આવું થયું એટલે એમણે એક-બે દિવસ પછી અલગ અલગ ટાઈમે એ બન્ને બહેનોને સામેથી બોલાવીને પૂછ્યું, ''તમને લોકોને જેકેટ જોઈએ છે ?'' બેઉએ જવાબ આપ્યો, ''ના, અમારી પાસે છે.'' એ બહેનોને ખ્યાલ ન આવ્યો કે સવારે પ્રાણાયમમાં સ્વેટર પહેર્યા વગર જવાથી નીરુમા આવું પૂછે છે.

ત્યાર બાદ પાછું ત્રણ-ચાર દિવસ આવું ચાલ્યું. એટલે નીરુમાએ એક આપ્તપુત્રી બહેનને બોલાવી કહ્યું, ''તું આ બન્નેને પૂછજે ને કે એમની પાસે સ્વેટર છે ને ? એ લોકો સંકોચ રાખે છે એટલે આપણી પાસેથી લેતા નથી. પણ રોજ સવારે આવે છે ત્યારે જેકેટ તો પહેરતા નથી. કેટલી ઠંડી છે તો પણ સ્વેટર પહેર્યા વગર આવે છે. એટલે હવે તું એમને પૂછી જોજે.''

બીજા દિવસે એ આપ્તપુત્રી બહેને એ બહેનો પાસે જઈ પૂછ્યું, ''તમને સ્વેટર જોઈએ છે ?'' એમણે ફરી ના કહી. ત્યારે એ આપ્તપુત્રી બહેને ફોડ પાડ્યો કે, તમે રોજ સવારે પ્રાણાયામમાં આવો છો ત્યારે સ્વેટર પહેરતા કેમ નથી ? નીરુમા રોજ પૂછ પૂછ કરે છે કે આ બન્ને પાસે સ્વેટર નથી લાગતું તો આપણા સ્ટોકમાંથી આપીએ. નીરુમાને એમ કે તમને કહેતા સંકોચ થાય છે એટલે આજે એમણે મને મોકલી છે.

પેલી બે બહેનો તો એટલું હસવા લાગી કે, અમને તો ઉઠવામાં મોડું થઈ જાય છે એટલે સીધા દોડીને આવી જઈએ છીએ એમાં જેકેટ પહેરવાનું યાદ જ નથી આવતું. અને શિયાળો હજી હમણાં તો શરૂ થયો છે, હજી તો અમે સ્વેટર ઉપર બેગમાંથી ઉતાર્યા પણ નથી. નીરુમાને કહેજો કે ચિંતા ન કરે.

અને એ જ દિવસે એમણે બધા સ્વેટર ઉતાર્યા. ૪-૫ સ્વેટર હતા. બીજા દિવસથી તેઓ રોજ અલગ અલગ સ્વેટર પહેરીને સવારે પ્રાણાયમમાં જવા લાગ્યા જેથી નીરુમાને ખબર પડે કે અમારી પાસે સ્વેટર છે.

યોગામાં બ્રહ્મચારી ભાઈઓ-બહેનો અને મહાત્માઓ આટલી બધી વ્યક્તિઓ હોવા છતાં નીરુમાનું એક-એક વ્યક્તિ તરફ ધ્યાન રહેતું અને બધાની ખૂબ સંભાળ રાખતા.

આવા હતા આપણા વાત્સલ્યમૂર્તિ નીરુમા !

તમારી જાતને ચકાસી જુઓ

આડું

૧. વાળીએ એમ વળી જાય એને ----- કહેવાય. (૩)

૨. આડાઈ કબુલ કરવાથી તે જાય. સાથે ---- કરીએ એટલે એ જાય. (૫)

ઊભું

૩. ભૂલની ખબર હોય અને---- કરીએ એ મોટામાં મોટી આડાઈ. (૩)

૪. સામાની સાચી વાત હોય તોય ના માને અને પોતાના ---- જ ચાલે, એને આડાઈ કહેવાય. (૨)

ચાલો રમીએ

૧ પ્રશ્નાર્થ ચિન્હની સામે A થી E માંથી કઈ આકૃતિ ગોઠવી શકાય ?



A B C D E

૨ જોડકા જોડો.

૩ ખાલી ચોરસ એવી રીતે પૂરો જેથી કરીને દરેક સીધી કતાર, ઉભી કતાર કે ૩ X ૩ના બ્લોકમાં બધાં ૧ થી ૯ના આંકડા હોય. જો તમે બુદ્ધિ વાપરશો તો તમને અટકળ કરવી નહીં પડે.

2		5			7			6
4			9	6			2	
				8			4	5
9	8			7	4			
5	7		8		2		6	9
			6	3			5	7
7	5			2				
	6			5	1			2
3			4			5		8

૪ રસ્તો શોધો.

૫ આપેલા ચિત્રમાંથી 8 શોધો.

૬ સસલુ દોરો.



ઐતિહાસિક ગૌરવગાથાઓ



મગધ દેશના રાજા શ્રેણિક એક વખતે સભા ભરીને બેઠા હતા. સામંતોથી ભરી સભામાં માંસ વિષે ચર્ચા થવા લાગી. માંસપ્રિય સામંતોએ કહ્યું, "હમણાં માંસ સસ્તું મળે છે."

આ વાત અભયકુમારે સાંભળી. એમણે એ હિંસક સામંતોને જીવદયાનો બોધ આપવાનો નિશ્ચય કર્યો.

સાંજે સભા વિસર્જન થઈ રાજા મહેલમાં ગયા. ત્યાર પછી અભયકુમાર વારાફરતી દરેક માંસપ્રિય સામંતોના ઘરે ગયા.



સામંતોએ કુતૂહલવશ અભયકુમારને ઘરે આવવાનું કારણ પૂછ્યું.

અભયકુમારે કહ્યું : "મહારાજા શ્રેણિકને અચાનક મહારોગ ઉત્પન્ન થયો છે. રાજવૈદ્ય કહે છે કે, "કોમળ મનુષ્યના કાળજાનું સવા ટાંકભાર માંસ હોય તો આ રોગ મટે. તમે રાજાના પ્રિયમાન્ય છો, માટે તમારે ત્યાં એ માંસ લેવા આવ્યો છું."

સામંતે વિચાર્યુ કે, કાળજાનું માંસ હું મારા મરણ પહેલા શી રીતે આપી શકું ? પણ આ તો રાજા માટેની માંગણી, ના પણ કેમ પડાય અને હા પણ કેમ પડાય ? ધર્મ સંકટમાં મૂકાયેલા સામંતોએ પોતાની પાસેના ધનમાંથી કેટલુંક ધન અભયકુમારને આપી રાજા સમક્ષ પોતાની વાત ખુલ્લી ન કરવા કહ્યું. આમ અભયકુમાર જેના જેના ઘરે ગયા, બધાએ માંસને બદલે ધન આપીને એમને રવાના કર્યા.

બીજે દિવસે ફરી સભા ભરાઈ ત્યારે બધા સામંતો પોતાપાતાના આસને આવીને બેઠા.રાજા પણ સિંહાસન પર વિરાજ્યા

સામંતો રાજાને કુશળ સમાચાર પૂછવા લાગ્યા. રાજાને નવાઈ લાગી. એમણે વિસ્મિત ચહેરે અભયકુમાર સામે જોયું. એટલે અભયકુમાર બોલ્યા, "મહારાજ ! કાલે આપના સામંતો સભામાં બોલ્યા હતા કે હમણાં માંસ સસ્તું મળે છે, તેથી હું તેઓને ત્યાં એમના કાળજાનું માંસ તમારી ઔષધરૂપે લેવા ગયો હતો. માંસના બદલામાં બધાએ મને ખૂબ ધન આપ્યું પરંતુ કોઈએ મને કાળજાનું સવા પૈસાભાર માંસ ન આપ્યું. ત્યારે એ માંસ સસ્તું કે મોંઘું ?"

આ સાંભળી બધા સામંતો શરમથી નીચું જોઈ ગયા. કોઈથી કંઈ બોલી શકાયું નહીં.

અભયકુમારે કહ્યું, ''આ કંઈ મેં તમને દુઃખ આપવા કર્યું નથી, પરંતુ બોધ આપવા કર્યું છે. આપણને આપણા શરીરનું માંસ આપવું પડે તો ખૂબ ભય થાય છે, કારણ આપણા દેહ પર આપણને મોહ છે. તેમ બજારમાં પણ જે જીવનું માંસ હશે તેને પણ તેનો જીવ વહાલો હશે. આપણે ધન-દૌલત આપીને પણ પોતાનો જીવ બચાવીએ છીએ, પણ તે બિચારા શું કરે ? આપણે સમજણવાળા, બોલતા-ચાલતા પ્રાણી છીએ. તેઓ બિચારા અવાચક અને અણસમજણવાળા છે. તેમનું માંસ ખાવા આપણે તેમને મરણરૂપ દુઃખ આપીએ તે કેટલું ભયંકર પાપ કહેવાય ? આપણે એ નિરંતર લક્ષમાં રાખવું જોઈએ કે સર્વ પ્રાણીઓને પોતાનો જીવ વહાલો હોય છે અને સર્વ જીવોની રક્ષા કરવી એના જેવો એકેય ઉત્તમ ધર્મ નથી.''

અભયકુમારના બોધથી શ્રેણિક મહારાજા સંતોષ પામ્યા, સઘળા સામંતો પણ બોધ પામ્યા. બધાએ તે દિવસથી માંસ ન ખાવાની પ્રતિજ્ઞા કરી. કારણ કે તે અભક્ષ્ય છે. કોઈ પણ જીવ હણાયા વિના તે આવતું નથી, માટે એ મોટામાં મોટો અધર્મ છે.

પઝલ ના જવાબ

તમારી જાતને ચકાસી જુઓનો જવાબ

આડું : ૧. સરળ, ૨. પ્રતિક્રમણ
ઊભું : ૩. રક્ષણ ૪. મતે

4-1,3

2 1-D, 2-E, 3-B, 4-A, 5-C.

1

3

2	3	5	1	4	7	9	8	6
4	1	8	9	6	5	7	2	3
6	9	7	2	8	3	1	4	5
9	8	6	5	7	4	2	3	1
5	7	3	8	1	2	4	6	9
1	4	2	6	3	9	8	5	7
7	5	9	3	2	8	6	1	4
8	6	4	7	5	1	3	9	2
3	2	1	4	9	6	5	7	8

"અડાલજ જ્ઞાનમંદિર (ગુરૂકુળ) માં ધો. ૬,૭,૮ માં પ્રવેશ મેળવવા માટે"

જ્ઞાનમંદિરમાં રહીને પરમ પૂજ્ય દાદા ભગવાન ના જ્ઞાન થકી પોતાના દીકરાઓમાં સંસ્કાર સિંચન થાય તેવું ઈચ્છતા માતા-પિતાઓએ પોતાના દીકરાના ઈન્ટરવ્યું માટે જ્ઞાનમંદિર, સીમંધર સીટી (અડાલજ)માં તા. ૨૦ ડિસેમ્બર ૨૦૧૨ સુધીમાં ફોનથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશન ધો. ૬,૭, અને ૮ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિધાર્થીઓ માટે થશે. વધુ માહિતી માટે નીચે જણાવેલ ફોન પર સંપર્ક કરવો.

સમય :- **સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ તથા બપોરે ૩.૩૦ થી ૬.૩૦**
ફોન. :- **(૦૭૯) ૩૯૮૩૦૦૩૨, મો. -૯૯૨૪૩૪૩૮૮૧.**

કોલાજ વર્ક સ્પર્ધાનું પરિણામ

મિત્રો,

'કોલાજ વર્ક સ્પર્ધા'માં ભાગ લેનાર દરેકને ખૂબ ખૂબ અભિનંદન. દરેકનો પ્રયત્ન પ્રશંસાપાત્ર છે. વિજેતાઓને એમના ઈનામ ઘેર બેઠા જ મળી જશે. આશા છે આવી જ રીતે તમે દરેક સ્પર્ધામાં ભાગ લેતા રહેશો.

૧૩ થી ૧૫

પ્રથમ ઈનામ 1st

નામ : ભાવસાર ધારા
ગાંધીનગર
ઉંમર : ૧૩



બીજું ઈનામ 2nd

નામ : પટેલ અનિલ
સુરત
ઉંમર : ૧૫

૧૦ થી ૧૨

પ્રથમ ઈનામ 1st

નામ : ઠક્કર સાક્ષી
ધોળકા
ઉંમર : ૧૦

Akram Express

September 2012
Year : 5, Issue : 4
Conti. Issue No.: 52

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2012-2014
valid up to 31-12-2014
LPWP Licence No. CPMG/GJ/27/2012
valid up to 30-6-2014
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

પૂજ્યશ્રીની આફ્રિકા-દૂબઈ ટૂરની ઝલક



અક્રમ એક્સપ્રેસના વાર્ષિક સભ્યો માટે સૂચના

આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ## હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 ##**.

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

Printer, Publisher and Owner - Mr. Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Mr. Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, 5, Mamtapark Society, Bh. Navgujarat College,Usmanpura, Ahmedabad-14.